અપીલ અરજી નં.૧૮૫ તા.૨૫–૯–૦૮

અરજદારઃ શ્રી હીરજીભાઈ બેચરભાઈ પટેલ

સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હીરજીભાઈ બેચરભાઈ પટેલની તા.૨૩–૭–૦૮ ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૬ ફા.પ્લોટ નં.૫ મોજે કાપોદ્રામાં સમાવિષ્ટ જ માધવબાગથી ઓળખાય છે તેમાં પાસ થયેલા પ્લાનમાં ડી–૧ ટાઈપ બિલ્ડીંગ પરપઝ માટે તેમજ જે લંબાઈ પહોળાઈના માપથી પાસ થયેલ છે તેની વિગત અને તેમાં કઈ રીતનું તેમજ રોડમાં કેટલા ફુટ,સીઓપીમાં કેટલા ફુટ,પાર્કીંગમાં કેટલા ફુટનું ગેરકાયદેસર બાંધકામ થયેલ છે તેની વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૫–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૮૫/૨૦૦૮–૦૯

શ્રી હીરજીભાઈ બેચરભાઈ પટેલની તા.૨૩–૭–૦૮ ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૬ ફા.પ્લોટ નં.૫ મોજે કાપોદ્રામાં સમાવિષ્ટ જે માધવબાગથી ઓળખાય છે તેમાં પાસ થયેલા પ્લાનમાં ડી–૧ ટાઈપ બિલ્ડીંગ પરપઝ માટે તેમજ જે લંબાઈ પહોળાઈના માપથી પાસ થયેલ છે તેની વિગત અને તેમાં કઈ રીતનું તેમજ રોડમાં કેટલા ફુટ,સીઓપીમાં કેટલા ફુટ,પાર્કીંગમાં કેટલા ફુટનું ગેરકાયદેસર બાંધકામ થયેલ છે તેની વિગત આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૨૮ તા.૨૫–૮–૦૮ થી આપેલ જવાબ વિસંગતતાવાળા તથા અસંતોષકારક હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૧૬ તા.૪–૧૦–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૨૮ તા.૨૦–૧૦–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં ટીપી સ્કીમ નં.૧૬ ફા.પ્લોટ નં.૫ મોજે કપોદ્રામાં સમાવિષ્ટ જે માધવબાગથી ઓળખાય છે તેમાં પાસ થયેલા પ્લાનમાં ડી–૧ ટાઈપ બિલ્ડીંગ પરપઝ માટે તેમજ જે લંબાઈ પહોળાઈના માપથી પાસ થયેલ છે તેની વિગત અને તેમાં કઈ રીતનું તેમજ રોડમાં કેટલા ફુટ,સીઓપીમાં કેટલા ફુટ,પાર્કીંગમાં કેટલા ફુટનું ગેરકાયદેસર બાંધકામ થયેલ છે તેની વિગતે મુદ્દા નં.૧ થી ૩૪ ની માહિતી પૂરી પાડવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૨૮ તા.૨૫–૮–૦૮ થી માહિતી પૂરી પાડેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારની અરજીના મુદ્દા નં.૧ થી ૩,૧૧,૧૨,૧૫,૧૮,૨૨ થી ૨૬,૨૮ થી ૩૧ અંગે હકીકતલક્ષી દફતરી માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાય છે તેથી તે અંગે કોઈ તકરારનો મુદ્દો જણાતો નથી. જયારે મુદ્દા નં.૪ થી ૬, ૮ થી ૧૦,૧૩,૧૪,૧૬,૧૭,૧૯,૨૦,૩૨,૩૩ તથા ૩૪ અંગે ઉપલબ્ધ દફતર ચકાસતાં માહિતી ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૨૭ અંગે વિગતવાર માહિતી માંગવામાં આવે તો પૂરી પાડવા તૈયારી દર્શાવેલ છે. જયારે મુદ્દા નં.૩૪ પૂર્વાધ અંગે અરજદારની માર્કીંગ વાળી પ્લાનની નકલ જાહેર માહિતી અધિકારીને નહીં મળ્યાનું જણાવેલ છે. મુદ્દા નં.૨૦(૧) અને ૨૧ અંગે કેનાલ ખાતાની જવાબદારી હોવાની વિગત જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. પરંતુ આરટીઆઈની કલમ–૬(૩) હેઠળ તેવી લાગત સત્તા મંડળને નિયત સમય અવધિમાં તબદીલ કરેલ જણાતી નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૩–૭–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી મુદ્દા નં.૧ થી ૩૪ ની માહિતી પૈકી ઉપલબ્ધ રેકર્ડ અન્વયે નહીં પૂરી પડાયેલ માહિતી અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં લાગત ફાઈલનું ઈન્સ્પેકશન પુરું પાડવા મુદ્દા નં. ૨૦ (૧) અને ૨૧ અંગે અરજી સક્ષમ સત્તા મંડળને તબદીલ કરવા તેમજ મુદ્દા નં.૩૪ ના પૂર્વાધ ભાગ અંગે અરજદાર તરફથી માર્ક પ્લાનની નકલ જાહેર માહિતી અધિકારીને રજૂ કર્યેથી દિન–૭ માં હકીકતલક્ષી માહિતી અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ વરાછાઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછાઝોન ..... જાણ તથા અમલ માટે.

(૨) શ્રી હીરજીભાઈ બેચરભાઈ પટેલ